# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09/02/2026** **Morning : 7.10 to 7.20**

**Day : MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિતલ પટેલ** વાંચે છે.

---

1. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે પરીક્ષા પે ચર્ચા 2026ની બીજી કડીમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે.**
2. **નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, દેશના તમામ હવાઈમથક સહિત મહત્વના ઉદ્યોગોની સુરક્ષામાં CISFનું મહત્વનું યોગદાન.**
3. **રાજકોટમાં થયેલી 120 કિલો ચાંદીની ચોરી મામલે અમદાવાદ ગુના શાખાએ એક શખ્સની ધરપકડ કરી.**
4. **અમદાવાદની 386 આંગણવાડીઓને અત્યાધુનિક ટેકનોલોજીથી સુસજ્જ બનાવાશે.**
5. **રાજ્ય કક્ષાની હેન્ડ બોલની સેમીફાઇનલમાં મહેસાણાની બંને ટીમ વિજેતા.**

---------------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..

# PM-PARIKSHA PE CHARCHA-2ND EPISODE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે પરીક્ષા પે ચર્ચા **2026** ના બીજી કડીમાં દેશભરના વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરશે. આ કાર્યક્રમ સવારે **10** વાગ્યે અનેક પ્લેટફોર્મ પર પ્રસારિત થવાનો છે.

બોર્ડ પરીક્ષાઓ નજીક આવી રહી છે ,ત્યારે આ વાર્તાલાપ પરીક્ષાના તણાવ , તૈયારીની વ્યૂહરચના , સમય વ્યવસ્થાપન અને વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ સાથે પરીક્ષાઓ આપવામાં મદદ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.

પ્રધાનમંત્રીએ સોશિયલ મીડિયામાં જણાવ્યું હતું કે આ કડીમાં તમિલનાડુના કોઈમ્બતુર, છત્તીસગઢના રાયપુર , ગુજરાતના દેવ મોગરા અને આસામના ગુવાહાટીના પરીક્ષાર્થીઓ સાથે વાતચીત કરશે.

"આ કડી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની યુટ્યુબ ચેનલ , દૂરદર્શન અને શિક્ષણ મંત્રાલયના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર પ્રસારિત થશે. આ કાર્યક્રમનું **WAVES OTT, Amazon Prime Video, Jio, ZEE5, Sony LIV** અને **Spotify** પર પણ જીવંત પ્રસારણ કરાશે.

---

# SANGHVI CISF CYCLOTHON

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , દેશના તમામ હવાઈમથક , બંદરો, સંસદ, મહત્વના ઉદ્યોગોની સુરક્ષામાં **CISF**નું મહત્વનું યોગદાન છે. વંદે માતરમની ૧૫૦મી વર્ષગાંઠ નિમિત્તે કેન્દ્રીય ઔદ્યોગિક સુરક્ષા દળ- **CISF** દ્વારા યોજાઇ રહેલી તટીય સાયક્લોથોન-2026'નું સુરતના વેસુ ખાતે સ્વાગત કરતાં શ્રી સંઘવીએ

જણાવ્યું, 3 હજાર 129 જવાનોથી શરૂ થયેલું આ દળ આજે સવા બે કરોડ જવાનો સાથે મળીને નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી રહ્યું છે.

## બાઇટ : હર્ષ સંઘવી, નાયબ મુખ્યમંત્રી

આ સાયકલ યત્રમાં 65 મહિલા સહિત 130 **CISF** જવાનો દરિયાઈ સુરક્ષા અને સશક્તિકરણનો સંદેશ ફેલાવી રહ્યા છે. 11 રાજ્યોને આવરી લેતી કચ્છના લખપત અને પશ્ચિમ બંગાળના બકખલીથી શરૂ થયેલી આ સાયકલ યાત્રા દેશના 6 હજાર 553 કિમી લાંબા દરિયાકાંઠાને આવરી લેશે. આ યાત્રા 22 ફેબ્રુઆરીએ કેરળના કોચીન ખાતે સમાપ્ત થશે.

----------------

## ARMY OFFICER VISIT

ભારતીય સેનાના દક્ષિણીય કમાન્ડના જનરલ ઓફિસર કમાન્ડિંગ-ઇન-ચીફ લેફ્ટનન્ટ જનરલ ધીરજ સેઠે કચ્છની મુલાકાત લીધી હતી. મુલાકાતનો હેતુ મુખ્ય સરહદી ક્ષેત્રોમાં લશ્કરી તૈયારીઓની સમીક્ષા કરવાનો હતો , તેમજ સરહદી સમુદાયો અને લશ્કરી પરિવારો સાથે સેનાના જોડાણને મજબૂત બનાવવાનો હતો.

---

## RAJKOT CHANDI CHORI

રાજકોટમાં થયેલી 120 કિલો ચાંદીની ચોરી મામલે અમદાવાદ ગુના શાખાએ એક શખ્સની ધરપકડ કરી **40** કિલો ચોરાયેલી ચાંદી જપ્ત કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર , અજાણ્યા વ્યક્તિઓ રવિવારે વહેલી સવારે રહેણાંક સંકુલમાં ઘૂસી એક કરોડ રૂપિયાથી વધુની ચાંદીની ચોરી કરી હતી.

અધિકારીઓએ જણાવ્યું હતું કે શંકાસ્પદ લોકો રાત્રે 2 થી અઢી વાગ્યાના અરસામાં ગાડીમાં આવ્યા હતા અને એક મકાનને નિશાન બનાવ્યું હતું. આ કેસમાં એક આરોપી પ્રદીપ પ્રજાપતિની ધરપકડ કરવામાં આવી છે અને જ્યારે અન્ય આરોપી હજુ પણ ફરાર છે.

---

# SURAT DIGITAL ARREST

સુરત સાયબર ગુના શાખાએ વૃદ્ધ નાગરિકોને ‘ ડિજિટલ એરેસ્ટ’ના નામે ડરાવીને લાખો રૂપિયા પડાવતી ટોળકી સામે કડક કાર્યવાહી કરી છે. આ કેસમાં વધુ એક આરોપી જીગ્નેશ શાહને અમદાવાદમાંથી ઝડપી પાડવામાં આવ્યો છે.

ગત વર્ષે એપ્રિલમાં સુરતના એક વૃદ્ધને ઠગબાજોએ **CBI** અધિકારી બની વીડિયો કોલ કર્યો હતો. આરોપીઓએ તેમને નાણાકીય ઉચાપત કેસમાં સંડોવણીનો ડર બતાવી ‘ ડિજિટલ એરેસ્ટ’ કર્યા હતા. માનસિક દબાણ હેઠળ વૃદ્ધે પોતાની બચતમાંથી આશરે **22** લાખ રૂપિયાથી વધુની રકમ આરોપીના બેંક ખાતામાં ટ્રાન્સફર કરી દીધી હતી.

આ મામલે પોલીસ તપાસ કરતાં પહેલા એક આરોપીની ધરપકડ થઈ હતી અને તેની પૂછપરછમાં જીગ્નેશ શાહનું નામ સામે આવ્યું હતું.

---

# PRE BUDGET

ગુજરાત વિધાનસભાના આગામી સત્રમાં રાજ્યનું અંદાજપત્ર રજૂ કરાશે. ત્યારે તેને લઈને ઉદ્યોગકારો અને વેપારીએ વિશેષ અપેક્ષા રાખી રહ્યા છે.

રાજકોટ બિલ્ડર એસોસિએશનના સભ્ય, હર્ષદ ભીમાણીએ, અંદાજપત્રમાં, સ્ટેમ્પ ડ્યુટીમાં થોડો ફાયદો થવાની આશા વ્યક્ત કરી.

**બાઇટ : હર્ષદ ભીમાણી, MEMBER**

---

## BHAVNATH SHIVRATRI

11 ફેબ્રુઆરીથી 15 ફેબ્રુઆરી સુધી , જૂનાગઢના ભવનાથમાં ભવ્ય મહા શિવરાત્રી મેળાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ત્યાર જુનાગઢ કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાએ જણાવ્યું, મેળાની તૈયારીઓ સંપૂર્ણપણે પૂર્ણ થઈ ગઈ છે. આ વર્ષે, વ્યવસ્થા સામાન્ય કરતાં થોડી અલગ છે.

**બાઇટ : અનિલકુમાર રાણાવસિયા, કલેક્ટર**

---

## RAJKOT MINAKARI

રાજકોટના જસદણનો મીનાકારી ઉદ્યોગ આજે 250 જેટલા એકમ સાથે ધમધમી રહ્યો છે. આ ઉદ્યોગની વિશેષતા એ છે કે તેમાં કાર્યરત કુલ શ્રમિકોમાં 50 ટકા હિસ્સો મહિલાઓનો છે. અહીં તૈયાર થતા જ્વેલરી બોક્સ , આકર્ષક ગિફ્ટ આર્ટિકલ્સ અને પૂજાની થાળીઓની દેશ-વિદેશમાં ભારે માંગ છે.

આ અંગે મીનાકારીના કારીગર મીનાબેન ઉમરાણિયાએ જણાવ્યું , વાર્ષિક 50 કરોડ રૂપિયાની નિકાસ આ ઉદ્યોગે સાથે 'લોકલ ટુ ગ્લોબલ'નું સપનું સાકાર કર્યું છે.

**(બાઇટ: મીનાબેન ઉમરાણિયા, મીનાકારી કારીગર)**

---

# SURAT ART PROJECT

સુરતમાં ડુમસ આર્ટ પ્રોજેક્ટની 11મી આવૃત્તિ 'ધ ફ્યુચર ઇઝ નાઉ' થીમ સાથે શરૂ થઈ છે. પદ્મ ભૂષણથી પુરસ્કૃત પ્રખ્યાત શાસ્ત્રીય નૃત્યાંગના અને કોરિયોગ્રાફર ડૉ.મલ્લિકા સારાભાઈએ આ ઉત્સવનો પ્રારંભ કરાવ્યો.

આ વર્ષે ડુમસ આર્ટ પ્રોજેક્ટમાં સર જે.જે. સ્કૂલ ઓફ આર્ટ, મુંબઈ, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને અનંત નેશનલ યુનિવર્સિટી, અમદાવાદના વિદ્યાર્થીઓ દ્વારા 160થી વધુ સ્થાપનો, શિલ્પો, ચિત્રો અને ફોટોગ્રાફ્સ રજૂ કરાશે.

---

# AMC ANGANVADI

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આંગણવાડી નવીનીકરણ ઝુંબેશમાં કુલ 618 આંગણવાડીઓ પૈકી 386 કેન્દ્રોના નવીનીકરણની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય માત્ર મરામત કરવાનો જ નહીં , પરંતુ બાળકોને આકર્ષે તેવું શૈક્ષણિક વાતાવરણ ઊભું કરવાનો છે. આ માટે **'BaLA' (Building as Learning Aid)** પેન્ટિંગ પદ્ધતિનો ઉપયોગ કરીને દિવાલો પર ગણિતના અંકો , બારખડી અને કુદરતી દ્રશ્યો ચિતરવામાં આવ્યા છે , જેથી બાળકો રમત-ગમતની સાથે પાયાનું શિક્ષણ મેળવી શકે.

ઉલ્લેખનીય છે કે , રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વર્ષ 2026ને “આંગણવાડી નવીનીકરણ ઝુંબેશ”તરીકે જાહેર કરવામાં આવ્યું છે.

---

# NAVSARI HANDBALL

નવસારીના બીલીમોરા ખાતે રાજ્ય કક્ષાની હેન્ડ બોલની ઓપન વયજૂથની ભાઈઓની સ્પર્ધાની સેમી ફાઇનલમાં મહેસાણાની બંને ટીમ વિજેતા બની છે. સેમી ફાઇનલની પહેલી મેચ આણંદ અને મહેસાણા જિલ્લાની ટીમ વચ્ચે રમાઈ જેમાં મહેસાણા જિલ્લાની ટીમ વિજેતા થઈ હતી. જ્યારે બીજી સેમી ફાઇનલમાં મહેસાણાની SAG એકેડમીની ટીમે નર્મદા જિલ્લાની ટીમને 49 વિરુદ્ધ 28 ગોલથી હરાવી હતી.

આજે મહેસાણા જિલ્લાની ટીમ અને મહેસાણાની SAG એકેડમી ટીમ વચ્ચે ફાઇનલ મેચ રમાશે.

---

# AHMEDABAD CIVIL HOSPITAL UROLOGY

અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં યુરોલોજી વિભાગમાં 55 લાખ રૂપિયાના ખર્ચે, અત્યાધુનિક યુરોડાયનેમિક સ્ટડી સેવાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેનાથી પેશાબની જટિલ સમસ્યાઓનું મફત અને સચોટ નિદાન થશે.

યુરોલોજી વિભાગના વડા ડો. શ્રેણિક શાહ જણાવે છે કે, "આ તપાસથી પેશાબની સમસ્યા ધરાવતા દર્દીને ચોક્કસ નિદાન મળે છે, જેના આધારે અસરકારક સારવાર આપી શકાય છે. પરિણામે, દર્દીઓને અનાવશ્યક દવાઓ કે સર્જરીના જોખમમાંથી બચાવી શકાય છે.

એક હજાર 200 બેડ હોસ્પિટલમાં યુરોલોજી વિભાગની ઓપીડીમાં દર બુધવાર તેમજ શનિવારે દર્દીઓ આ સુવિધાનો લાભ મેળવી શકાશે.

---